ક્રિમીનલ કેસ નં. ૧૪૧૫૦૪/૨૦૨૪

આંકઃ– ૬

| ૩૫ માં એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ<br>કોર્ટ નં. ૩૯ , અમદાવાદ શહેર | |
|---|---|
| શ્રી સરકાર | ફરીયાદી |
| વિરુદ્ધ | |
| સોનલબેન બંટીભાઈ રાઠોડ | આરોપી / આરોપીઓ |

:: હુકમ ::

( ગુન્હા કબુલાત કરતા )

ગુન્હો :– પ્રોહીબીશન એકટ કલમ – ૬૬(બી), ૬૫(એ)(એ)............. મુજબ.

(૧) આરોપી/આરોપીઓ સામેના હાલના ગુન્હાની વિગત મુજબ આરોપી વગર પાસ પરમીટે પ્રોહીબીટેડ મુદ્દામાલ (દેશી દારુ) પોતાના કબજામાં રાખી મળી આવેલા, આ સંજોગોમાં તેઓને ધોરણસર અટક કરી તપાસ કરનાર અમલદારે તપાસ કરી તેઓ સામે હાલનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ગુન્હાના કામે પ્રોસેસ ઈશ્યુ કરતા પોલીસ ઓથોરીટીએ તે પ્રોસેસની બજવણી કરી આરોપીને હાજર રખાવેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ ત્યારબાદ ટ્રાયલના તબક્કે આજરોજ આરોપીએ તેઓ સ્વેચ્છાએ તેમના સામેનો આ ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનું જણાવી તે એ અંગે કબુલાત પુરશીશ રજુ કરેલ છે , તથા તેઓનો પ્રથમ ગુન્હો હોય, ગરીબ માણસ હોય રહેમ નજર રાખી ઓછી સજા કરવા અરજ કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમા પણ આરોપીએ ગુન્હો કબુલ હોવોનું લખી આપેલ.

(૩) રેકર્ડ જોવોમાં આવે તો આરોપી જે પ્રોહીબીટેડ મુદ્ધામાલ મળી આવેલ છે તેનો જથ્થો ઓછો છે, તે કોઈ ખુબ મોટો જથ્થો નથી, આવા પ્રકારના કેસનુ ભારણ ખુબ વધુ પ્રમાણમાં છે અને તે સંબધે ટ્રાયલ ચલાવવામાં આવે તો કોર્ટનો મહત્વનો તમામ સમય તેમાં પસાર થાય તેમ છે, જેના કારણે અન્ય ક્રિમીનલ કેસો પરત્વે ધ્યાન કેન્દ્રીત કરી શકાય તેમ નથી. વધુમાં ચાર્જશીટના પેપર્સ ધ્યાને લેવામાં આવે તો તેમાં જે પંચોનો ઉલ્લેખ છે તે કોઈ સરકારી પંચો નથી, એ જ રીતે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ – ૧૬૫ મુજબની જરુરી કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું પણ જણાતુ નથી, જે ખામીયુક્ત તપાસ હોવા તરફ ઈશારો કરે છે. આ તમામ બાબત સાથે આરોપીનો આ પ્રથમ વખતનો ગુન્હો હોવાની તેઓની રજુઆત ધ્યાને લઈ જો

નજીવી સજા કરવાામાં આવે તો તે પણ યોગ્ય હોવાનું જણાઈ આવે છે તથા તેના પરીણામે આરોપીને સુધરવાની એક તક પણ મળવા સંભવ છે.

(૪) આથી કેસની ઉપરોક્ત હકીકતો સાથે આરોપીનો આ પ્રથમ વખતનો ગુન્હો હોવાની રજુઆત ધ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે *' નટવર હરચંદ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (જી.એલ. આર. ૨૦૦૫ પેજ નં. ૭૦૯) '* ના ચુકાદામાં ઠરાવેલ બાબતોને ધ્યાને લેતા આરોપીને કાયદા મુજબ થઈ શકે તે પુરેપુરી સજા નહી કરતા કોર્ટ ઉઠતા સુધીની કેદ અને દંડ કરવામાં આવે તો તે પણ યોગ્ય અને ન્યાયિક હોવાનું જણાતુ હોય, નીચે મુજબનો ન્યાયિક હુકમ કરવામાં આવે છે.

-: <u>હુકમ</u> :-

(૧) આરોપી/આરોપીઓ ને ક્રિમીનલ પ્રોસીઝર કોડની જોગવાઈ મુજબ તેઓ સામેના આક્ષેપીત ધી. પ્રોહીબીશન એક્ટ અન્વયેના ઉપરોક્ત કલમ મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને તેઓને કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા તથા સંયુક્ત રીતે પ્રત્યેકને રુપિયા ૨૦૦/-અંકે રૂપિયા બસો પુરા દંડ કરવામાં આવે છે.

(૨) દંડની રકમ ભરપાઈ કરવાની કસુર બદલ દિન - ૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અપીલ સમય વિત્યે : ૧) પ્રોહીબીટિડ મુદ્દામાલ તથા તેનો સંગ્રહ કરેલ તે ઠામ/વાસણ નો નાસ કરવો, ૨) મુદ્દામાલ રોકડ રકમ કબજે થયેલ હોય તો તે સરકાર ખાલસા કરવી, ૩) મુદ્દામાલ વાહન અને મોબાઈલ સંબધે વચગાળાના તબ્બકે કોઈ હુકમ થયેલ હોય તો તે અપીલ સમય વિત્યે કાયમ કરવામાં આવે છે અન્યથા તે મુદ્દામાલ જે ઈસમ પાસેથી કબજે થયેલ હોય તેમને પરત કરવો.

(૪) હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ

(દશરથસિંહ જાલમસિંહ પરમાર)

તા.૧૪/૦૯/૨૦૨૪ ૩૫માં એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ

કોર્ટ નં.૩૯,અમદાવાદ શહેર